સચિવાલયના વિભાગો/વિધાનસભા સચિવાલયમાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ માટે આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધાઓ બાબત વર્ષ ૨૦૧૮-૧૯

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક - અવસ-૧૦૨૦૧૮-૨૦૨૪-કલ્યાણ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૦૨-૦૪-૨૦૧૮

# પરિપત્ર

સચિવાલય કલ્યાણ સમિતિ દ્વારા દર વર્ષે આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. તે મુજબ દરેક નાણાકીય વર્ષ દરમ્યાન સચિવાલયના વિભાગોમાં તેમજ ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ફરજ બજાવતા અધિકારીઓ તેમજ કર્મચારીઓ માટે પરિશિષ્ટ-૧માં જણાવેલ ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડીની સાંઘિક રમતો તેમજ બેડમિન્ટન,ટેનીસ, ટેબલ ટેનીસ, ચેસ, કેરમ, તરણ, એથ્લેટીકસ, ગીત,સંગીત સ્પર્ધા વકતૃત્વ સ્પર્ધા અને વિકલાંગો માટેની (એથ્લેટીકસ) આંતર વિભાગીય જેવી વિવિધ આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટેની પાત્રતા અને સામાન્ય નિયમો નીચે મુજબના રહેશે.

૧ સચિવાલય આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધાઓમાં નીચે દર્શાવેલ અધિકારીઓ/કર્મચારીઓ ભાગ લઇ શકશે.

(૧) સચિવાલય સંવર્ગની મંજુર થયેલ જગ્યાઓ તથા ગુજરાત વિધાનસભા સચિવાલય સંવર્ગની મંજુર થયેલ જગ્યાઓ ઉપર સીધી ભરતી, બઢતી કે સ્નાતક બઢતીથી નિમણુંક ધરાવતા/ ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ આ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.

(૨) સચિવાલય સંવર્ગના કર્મચારીઓ કે જેઓ તેમના વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીમાં , કોઇ પણ બોર્ડ/કોર્પોરેશનમાં કે અન્ય કોઇ સરકારી સંસ્થાઓમાં ફરજ બજાવતા હોય તેવા અધિકારી/ કર્મચારી આ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.

(૩) સચિવાલય સંવર્ગના જે અધિકારીઓ/કર્મચારીઓ તેમના મુળ વિભાગમાંથી મંત્રીમંડળના મહેકમ ઉપર પ્રતિનિયુકિતના ધોરણે ગયા હશે તેઓ તેમના મંત્રીશ્રી હસ્તકના વિભાગો પૈકી કોઇ પણ એક પસંદગીના વિભાગમાંથી જે તે સ્પર્ધામાં ભાગ લઇ શકશે.

(૪) સચિવાલય ખાતે ફરજ બજાવતા હોય તેવા અખિલ ભારતીય મુલ્કી સેવાના અધિકારીઓ આ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.

(૫) મંત્રીમંડળના મહેકમ પર સીધી ભરતીથી નિમણુંક પામેલ અધિકારીઓ/કર્મચારીઓ આ સ્પર્ધામાં ભાગ લઇ શકશે. પરંતુ તેઓ સંબંધિત મંત્રીશ્રીના હસ્તકના વિભાગો પૈકીના કોઇ પણ એક પસંદગીના વિભાગમાંથી સ્પર્ધામાં ભાગ લઇ શકશે.

(૬) સાંઘિક રમતો જેવી કે ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડીની સ્પર્ધા માટે ગાંધીનગર સ્થિત ખાતાના વડાની કચેરીઓના અધિકારીઓ/કર્મચારીઓ તેમજ તેના હસ્તકની તાબાની કચેરીના અધિકારીઓ/કર્મચારીઓ તેમના સંબંધિત વહીવટી વિભાગની જે તે ટીમ સાથે સંયુકતપણે ભાગ લઇ શકશે. પરંતુ ક્રિકેટની રમતમાં ખાતાના વડાની કચેરીના વધુમાં વધુ ૫ (પાંચ) ખેલાડીઓ તથા વોલીબોલ,કબડ્ડી માં વધુમાં વધુ ૩ (ત્રણ) ખેલાડીઓ ભાગ લઇ શકશે

## (૨) આ સ્પર્ધાના સામાન્ય નિયમો નીચે મુજબના રહેશે.

(૧) આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધામાં યોજાનાર રમત/ સ્પર્ધાની યાદી આ સાથે પરિશિષ્ટ-૧માં સામેલ છે. તે અંગેના નિયમો એન્ટ્રી ભરનાર અધિકારી/કર્મચારીઓએ કલ્યાણ શાખામાંથી રમતની શરુઆત પહેલા મેળવી લેવાના રહેશે.

(૨) સ્પર્ધામાં ભાગ લેવા માટે વ્યકિતગત ઇવેન્ટદીઠ રૂ. ૫૦/-પ્રવેશ ફી લેવામાં આવશે. આ પ્રવેશ ફી જે તે અધિકારી/કર્મચારીએ પોતે એન્ટ્રી માટે નિયત કરેલ તારીખ સુધીમાં ભરવાની રહેશે. વિકલાંગો માટેની સ્પર્ધાઓ માટે ખેલાડીઓને ફી માંથી મુકિત આપવામાં આવે છે.

(૩) સાંઘિક સ્પર્ધા માટે વિભાગની ટીમના મેનેજરે પ્રત્યેક ખેલાડી દીઠ (મેનેજર સહિત) રૂ. ૫૦/- લેખે પ્રવેશ ફી સાથે વિભાગના નામની એન્ટ્રી સાથે નિયત કરેલ તારીખ સુધીમાં મોકલી આપવાની રહેશે. તે ઉપરાંત વિભાગે પસંદગી કરીને ક્રિકેટની ટીમ, કેપ્ટન અને મેનેજર સહિત કુલ -૧૭ સભ્યો, વોલીબોલ ટીમ માટે મેનેજર સહિત કુલ -૧૦ સભ્યો તથા કબડ્ડી ટીમ માટે મેનેજર સહિત કુલ -૧૦ સભ્યોના નામ સંબંધિત રમતના ડ્રો અગાઉ કલ્યાણ શાખાને પહોંચાડવાના રહેશે. સંબંધિત રમતના ડ્રો સમયે ખેલાડી જે વિભાગમાં ફરજ બજાવતા હોય તે વિભાગ તરફથી જ રમી શકશે. દરેક વિભાગ સાંઘિક રમતો જેવી કે ક્રિકેટ, વોલીબોલ તથા કબડ્ડીની સ્પર્ધા માટે એક જ એન્ટ્રી ભરી શકશે. નાના વિભાગોમાં પુરતા પ્રમાણમાં ખેલાડીઓ ન મળવાથી વધુમાં વધુ ૪(ચાર) વિભાગો ભેગા મળીને એક ટીમ બનાવીને સંયુકત ટીમ સ્પર્ધામાં ઉતારી શકશે. આ રીતે સંયુકત ટીમ બનાવનાર વિભાગોમાંથી કોઇ પણ વિભાગ સંયુકત ટીમ ઉપરાંત પોતાની ટીમ સ્પર્ધામાં ઉતારી શકશે નહીં.

(૪) સાંઘિક રમતો અને વ્યકિતગત રમત અંગેની સ્પર્ધા માટે ખેલાડીઓએ વિભાગના મહેકમ અધિકારીના સહી- સિકકા સાથેની પ્રત્યેક રમતની ઇવેન્ટ દીઠ એન્ટ્રી ફી રૂ.૫૦/-સાથે પ્રત્યેક રમતની ઇવેન્ટ માટે અલગ અલગ અરજી, ઠરાવેલ એન્ટ્રી ફી આપવાની રહેશે જે પરત મળવાપાત્ર રહેશે નહીં.

(૫) પ્રત્યેક સ્પર્ધાના ડ્રો અને સીડીંગ જે તે સ્પર્ધાના પ્રવર્તમાન નિયમાનુસાર રહેશે.

(૬) એન્ટ્રી નિયત નમુનામાં આ સાથેના પરિશિષ્ટ -૨ મુજબ સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ શાખાને તારીખ: ૫ જુન, ૨૦૧૮ સુધીમાં પહોંચાડવાની રહેશે. નિયત સમયમર્યાદામાં નહીં આવેલ તથા અધુરી માહિતીવાળા એન્ટ્રી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. સ્પર્ધામાં ભાગ લેનાર કર્મચારીઓને સ્પર્ધાના

દિવસોએ ખાસ કિસ્સામાં ફરજ પર હાજર ગણવાના રહેશે. પરંતુ જાહેર રજાના દિવસે જો સ્પર્ધા યોજાશે તો તે માટે વળતર રજા મળવાપાત્ર થશે નહીં.

(૭) કોઇ પણ કર્મચારી વધુમાં વધુ ત્રણ સાંઘિક અને ચાર વ્યકિતગત સ્પર્ધામાં ભાગ લઇ શકશે.

(૮) વ્યકિતગત સ્પર્ધા/ઇવેન્ટ યોજવા માટે ઓછામાં ઓછા ૭(સાત) ખેલાડીઓ/સ્પર્ધકોના પ્રવેશપત્રો આવશ્યક છે. તેમ જ સ્પર્ધાના સમયે પણ ઓછામાં ઓછા ૫(પાંચ) ખેલાડીઓ/સ્પર્ધકો હાજર હશે તો જ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. સાંઘિક સ્પર્ધા યોજવા માટે ઓછામાં ઓછા ૫ (પાંચ) પ્રવેશ પત્રો આવશ્યક છે. તેમજ સ્પર્ધા સમયે ઓછામાં ઓછી ૪(ચાર) ટીમો ભાગ લેશે તો જ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. પ્રવેશપત્ર ભર્યા બાદ ખેલાડી સ્પર્ધા સમયે હાજર ન રહે કે સ્પર્ધા પુરી થાય ત્યાં સુધી સક્રિય રીતે ભાગ ન લે તેવું સતત બે વર્ષ માટે બનવા પામે તો તેવા ખેલાડી તે પછીની ભવિષ્યની સ્પર્ધા માટે ગેરલાયક ગણાશે. પરંતુ ખાસ કિસ્સામાં વિશિષ્ટ સંજોગોને ધ્યાને લઇને અધ્યક્ષશ્રી, સચિવાલય કલ્યાણ સમિતિ સ્પર્ધામાંથી ગેરહાજર રહેવા માટે છુટછાટ આપી શકશે.

(૯) દરેક ડબલ્સ અને મિક્ષ ડબલ્સ ની ઇવેન્ટ માટે પ્રવેશપત્ર આપતી વખતે પાર્ટનરનું નામ અચુક આપવાનું રહેશે. પરંતુ જે તે રમતના ડ્રો ના સમયે ખાસ સંજોગોમાં જેમ કે પાર્ટનરનું નિવૃત્ત થવું કે અવસાન થવું, રાજીનામું આપવું તેવા સંજોગોમાં અન્ય ફી ભરેલ કર્મચારીનું નામ પાર્ટનર તરીકે બદલી શકાશે. ડબલ્સ અને મિક્ષ ડબલ્સ ની ઇવેન્ટ ના આયોજન સમયે તમામ જોડીના ખેલાડીઓએ અચુક હાજર રહેવું જોઇશે.

(૧૦) આ સ્પર્ધામાં ઇજા થવા અંગેની કોઇ પણ જવાબદારી સચિવાલય કલ્યાણ સમિતિની રહેશે નહીં.

(૧૧) જો અધિકારી/કર્મચારી સચિવાલયના વિભાગની બહાર જો પ્રતિનિયુકિત ઉપર હોય તો તે અંગેના હુકમની નકલ બીડવાની રહેશે.

(૧૨) દરેક સ્પર્ધાના સમય દરમ્યાન નિયત ગણવેશની વ્યવસ્થા ખેલાડીએ પોતાની રીતે કરીને હાજર થવાનું રહેશે.

(૧૩) સ્પર્ધાના આયોજનના નિયત સમયે અને નિયત ડ્રો પ્રમાણે ખેલાડી/ટીમે રમવાનું રહેશે. અન્યથા પ્રતિસ્પર્ધિ ખેલાડી/ટીમને વોકઓવર આપવામાં આવશે. આ અંગે કોઇ પણ પ્રકારનું દબાણ લાવવામાં આવશે તો તે બાબત તેની ગેરલાયકાત ગણાશે.

(૧૪) કલ્યાણ શાખા દ્વારા સ્પર્ધાનું આયોજન જે સમય દરમ્યાન કરવામાં આવે તેમાં સામાન્ય સંજોગોમાં કોઇ પણ ફેરફાર કરવામાં આવશે. નહીં.

(૧૫) સ્પર્ધા માટેના પ્રવેશપત્રનો નમૂનો અને સૂચિત કાર્યક્રમ આ સાથેરાખેલ છે. આ કાર્યક્રમમાં સચિવાલય કલ્યાણ સમિતિના અધ્યક્ષશ્રી જરુર જણાયે ઉચિત ફેરફાર કરી શકાશે.

દરેક ખેલાડી ખેલદીલીપૂર્વક રમત રમે અને તેમની કાર્યદક્ષતામાં વધારો થાય તે હેતુસર તથા કર્મચારી કલ્યાણ પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને આ સ્પર્ધાઓ યોજવામાં આવે છે. તેથી દરેક ખેલાડી ખેલદીલીપૂર્વક રમત રમશે તેવી આશા રાખવામાં આવે છે. સ્પર્ધાઓમાં નિર્ણાયકનો નિર્ણય આખરી ગણાશે. આમ છતાં આ નિર્ણય સામે વિરોધ દર્શાવી કોઈ કર્મચારી/અધિકારી ધ્વારા અણછાજતું વર્તન કરવામાં આવશે કે ગેરશિસ્ત આચરવામાં આવશે તેવા કિસ્સામાં જે તે ખેલાડીને સ્પર્ધા માટે ગેરલાયક ઠરાવી તેની સામે શિસ્ત અને વર્તણુંકના પ્રવર્તમાન નિયમોનુસાર શિસ્તભંગની કાર્યવાહી માટે સંબંધિત વહીવટી વિભાગ / ખાતાને જણાવવામાં આવશે

તેમજ સચિવાલય કલ્યાણ સમિતિ ધ્વારા ભવિષ્યની સ્પર્ધામાંથી ગેરલાયક ઠરાવવાની કાર્યવાહી કરવામાં આવશે. આ જ પ્રમાણે આયોજકો સામે પણ ગેરશિસ્તભર્યુ વર્તન કરવા બદલ જે તે ખેલાડી સામે ઉપર સુચવ્યાનુસારની કાર્યવાહી હાથ ધરી શકાશે.

તમામ સ્પર્ધાઓ જે તે રમતના એસોસિએશન / ફેડરેશન ધ્વારા માન્ય કરાયેલ પ્રવર્તમાન નિયમોનુસાર યોજવામાં આવશે તેમજ સ્પર્ધાના નિયમોનું અર્થઘટન તથા આખરી નિર્ણય સચિવાલય કલ્યાણ સમિતિના અધ્યક્ષશ્રી હસ્તક રહેશે.

આંતર વિભાગીય રમતગમત સ્પર્ધામાં યોજાનાર રમત/સ્પર્ધાની યાદી પરિશિષ્ટ—૧ વ્યકિતગત સ્પર્ધા માટેના પ્રવેશપત્રનો નમુનો પરિશિષ્ટ—૨ અને સાંઘિક સ્પર્ધા માટેના પ્રવેશપત્રનો નમુનો પરિશિષ્ટ—૩ આ સાથે સામેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જે. પી. પટેલ)
ઉપ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ

- X રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વ મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- X સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
- સચિવાલયના સર્વે વિભાગો(પાંચ નકલ)—વિભાગના તમામ અધિકારીઓ / કર્મચારીઓને તથા આપના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓને જાણ કરવાની વિનંતી સહ.
- સર્વે ખાતાના વડાઓ —આપના ખાતાના તમામ અધિકારીઓ/કર્મચારીઓને જાણકરવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ

X પત્ર ધ્વારા.

# પરિશિષ્ટ–૧

**આંતર વિભાગીયરમતગમત સ્પર્ધામાં યોજાનાર રમત/સ્પર્ધાની યાદી**

| ક્રમાંક | રમત/સ્પર્ધાનુંનામ | વિગતવાર " ઈવેન્ટ"નું નામ |
|---|---|---|
| ૧ | ક્રિકેટ | |
| ૨ | કબડ્ડી | |
| ૩ | વોલીબોલ | |
| ૪ | એથ્લેટીકસ | **પુરુષ વિભાગ**<br>૧.૧૦૦ મીટર દોડ<br>૨.૨૦૦ મીટર દોડ<br>૩.૪૦૦ મીટર દોડ<br>૪.૮૦૦ મીટર દોડ<br>૫.ગોળા ફેંક<br>૬.હથોડા ફેંક<br>૭.લાંબી કૂદ<br>૮.ઉંચી કૂદ<br>૯.ચક્ર ફેંક<br>૧૦.બરછી ફેંક<br><br>**મહિલાવિભાગ**<br>૧.૧૦૦ મીટર દોડ<br>૨. ૨૦૦ મીટર દોડ<br>૩. ગોળા ફેંક<br>૪.લાંબી કૂદ<br>૫.ચક્ર ફેંક<br>૬.બરછી ફેંક |
| ૫ | બેડમિન્ટન | ૧.પુરુષ વિભાગની સીગલ્સ/ડબલ્સ સ્પર્ધા<br>૨.મહિલાવિભાગની સીગલ્સ/ડબલ્સ સ્પર્ધા<br>૩.મીકસ ડબલ્સ |
| ૬ | કેરમ | ૧.પુરુષ વિભાગની સીગલ્સ/ડબલ્સ સ્પર્ધા<br>૨.મહિલાવિભાગની સીગલ્સ/ડબલ્સ સ્પર્ધા |
| ૭ | ચેસ | ૧ ચેસ (સામાન્ય)<br>૨ રેપીડ (૧૫-૧૫ મિનીટ) |
| ૮ | વકતૃત્વ સ્પર્ધા | ૧.હેટ સ્પીચ(શીઘ્ર વકતૃત્વ સ્પધા) ૩ મિનિટ<br>૨.સેટ સ્પીચ ૭ મિનિટ |
| ૯ | વિકલાંગ ભાઈઓની સ્પર્ધા | **સ્ટેન્ડીંગ ગ્રુપ**<br>૧.ગોળા ફેંક<br>૨.ચક્ર ફેંક<br>૩.ભાલા ફેંક<br><br>**સીટીંગ ગ્રુપ**<br>૧.ગોળા ફેંક<br>૨.ચક્ર ફેંક<br>૩.બરછી ફેંક |
| ૧૦ | ગીત અને સંગીત સ્પર્ધા | ૧.કંઠય સંગીત(સુગમ) ૫ મિનિટ<br>૨.લોકગીત ૫ મિનિટ<br>૩.ગેરફિલ્મી હિન્દી ગઝલ ૫ મિનિટ<br>૪.ગુજરાતી ભજન ૫ મિનિટ |
| ૧૧ | તરણ | **પુરુષ વિભાગ**<br>૧.૫૦ મીટર ફ્રી સ્ટાઈલ<br>૨.૫૦ મીટર બેક સ્ટ્રોક<br>૩.૫૦ મીટર બ્રેસ્ટ<br>૪.૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ |
| ૧૨ | ટેબલ ટેનિસ | ૧.પુરુષ વિભાગની સીગલ્સ/ડબલ્સ સ્પર્ધા<br>૨.મહિલાવિભાગની સીગલ્સ/ડબલ્સ સ્પર્ધા<br>૩.મીકસ ડબલ્સ |
| ૧૩ | ટેનિસ | **પુરુષ વિભાગ**<br>૧. સીગલ્સ સ્પર્ધા<br>૨.ડબલ્સ સ્પર્ધા |

## પરિશિષ્ટ–૨

**આંતર વિભાગીયવ્યકિતગત ધોરણેયોજાનારબેડમિન્ટન/ટેબલટેનિસ/ચેસ/કેરમ/વિકલાંગ સ્પર્ધા/તરણ/ટેનિસ/એથ્લેટીકસ/વકતૃત્વ સ્પર્ધા/ગીત–સંગીત સ્પર્ધા માટેનું પ્રવેશપત્ર**

| | | | |
|---|---|---|---|
| (૧) | સરકારી અધિકારી/કર્મચારીનું નામ | : | |
| (૨) | હોદ્દો | : | |
| (૩) | હાલમાં ફરજ બજાવતા હોય તે વિભાગનું નામ | : | |
| (૪) | વિભાગનું સરનામું | : | |
| (૫) | ફોન નંબર | : | |
| | મોબાઈલ નંબર | : | |
| (૬) | જે રમતની સ્પર્ધા/ઇવેન્ટમાં ભાગ લેવા ઇચ્છા ધરાવતા હોય તેનું નામ | : | |
| (૮) | ડબલ્સ, મિક્ષ ડબલ્સ ઇવેન્ટ માટે પાર્ટનરનું નામ | : | |

તારીખ :

અરજદારની સહી

**: પ્ર મા ણ પ ત્ર :**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપર જણાવેલ કર્મચારી માન્ય ભરતી પદ્ધતિથી નિમણૂંક ધરાવે છે

**(જે તે વિભાગ/ખાતાના વડાના મહેકમ અધિકારીની સહી તથા સિક્કો )**

**નોંધ :** (૧) દરેક ઇવેન્ટ માટે અલગ પ્રવેશપત્ર તથા ઈવેન્ટદીઠ રૂ.૫૦/–પ્રવેશ ફી ભરવાની રહેશે.

(૨) જો કર્મચારી/અધિકારી સચિવાલયનાવિભાગની બહાર પ્રતિનિયુક્તિ ઉપર હોય તો તે હુકમની નકલ બીડવાની રહેશે.

(૩)જો અધિકારી/કર્મચારીનીફોર્મ ભર્યા પછી બદલી થાય તો કલ્યાણ શાખામાં તેની જાણ અચુક કરવી

**ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ :૫–૬–૨૦૧૮**

## પરિશિષ્ટ—૩

### આંતર વિભાગીયક્રિકેટ/વોલીબોલ/કબડ્ડી સ્પર્ધા

### ૨૦૧૮–૨૦૧૯ માટેનું પ્રવેશપત્ર

સચિવાલયના વહીવટી વિભાગનું નામ........................................................

| ક્રમાંક | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ( કેપ્ટન) | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |
| ૬ | | |
| ૭ | | |
| ૮ | | |
| ૯ | | |
| ૧૦ | | |
| ૧૧ | | |
| ૧૨ | | |
| ૧૩ | | |
| ૧૪ | | |
| ૧૫ | | |
| ૧૬ | | |
| ૧૭ | (મેનેજર) | |

તારીખ:

### : પ્રમાણપત્ર :

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપર જણાવેલ કર્મચારીઓ માન્ય ભરતી પધ્ધતિથી સરકારી નોકરીમાં નિમણૂંક ધરાવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિભાગની મહેકમ શાખાનો ફોન નંબર : | |
| ૨. | ટીમના કેપ્ટનનો ફોન નંબર : | |
| ૩. | ટીમના મેનેજરનો ફોન નંબર : | |

જે તે વિભાગના મહેકમ અધિકારીની
સહી તથા સિકકો

**ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ :૫–૬–૨૦૧૮**

# સચિવાલય કલ્યાણ સમિતિ આયોજીત
# આંતર વિભાગીય સ્પર્ધાઓનો સૂચિત કાર્યક્રમ
# ૨૦૧૮-૨૦૧૯

| ક્રમાંક | સ્પર્ધાનું નામ | સ્થળ | સ્પર્ધાઓની સંભવિત તારીખ |
|---|---|---|---|
| ૧ | બેડમિન્ટન | સચિવાલય જીમખાના, સે.૨૧,ગાંધીનગર | તા. ૨૫/૭/૨૦૧૮ થી તા.૨૬/૭/૨૦૧૮ |
| ૨ | તરણ | સચિવાલય જીમખાના, સે.૨૧,ગાંધીનગર | તા.૩૧/૦૭/૨૦૧૮ |
| ૩ | ચેસ | સચિવાલય જીમખાના, સે.૨૧,ગાંધીનગર | તા. ૦૮/૦૮/૨૦૧૮ થી તા. ૧૦/૦૮/૨૦૧૮ |
| ૪ | ટેબલ ટેનિસ | સચિવાલય જીમખાના, સે.૨૧,ગાંધીનગર | તા.૧૮/૮/૨૦૧૮ |
| ૫ | કેરમ | રીક્રીએશન હોલ,બ્લોકનં.૧૦, સચિવાલય,ગાંધીનગર | તા. ૨૮/૮/૨૦૧૮ થી તા.૩૧/૮/૨૦૧૮ |
| ૬ | એથ્લેટીક્સ | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈંડીયા,સે.૧૫,ગાંધીનગર | તા.૧૨/૦૯/૨૦૧૮ |
| ૭ | વોલીબોલ | સચિવાલય જીમખાના, સે.૨૧,ગાંધીનગર | તા. ૧૮/૦૯/૨૦૧૮ થી તા. ૧૯/૦૯/૨૦૧૮ |
| ૮ | ટેનિસ | સચિવાલય જીમખાના, સે.૨૧,ગાંધીનગર | તા.૨૬/૦૯/૨૦૧૮ થી તા. ૨૭/૦૯/૨૦૧૮ |
| ૯ | ક્રિકેટ | સચિવાલય જીમખાના, સે.૨૧,ગાંધીનગર | તા.૧૫/૧૦/૨૦૧૮ |
| ૧૦ | કબડી | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈંડીયા,સે.૧૫,ગાંધીનગર | હવે પછી જાહેર કરવામાં આવશે. |
| ૧૧ | વકતૃત્વ/ ગીત અને સંગીત સ્પર્ધા | સચિવાલય ઓડીટોરીયમ,બ્લોક નં.૧/૯,સચિવાલય,ગાંધીનગર | હવે પછી જાહેર કરવામાં આવશે |
| ૧૨ | વિકલાંગ ભાઈઓની સ્પર્ધા | સચિવાલય કેમ્પસ,ગાંધીનગર | હવે પછી જાહેર કરવામાં આવશે |